Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

Conducted

MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

## ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૮

**પ્રશ્ન ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ) છઠ્ઠો આવશ્યક કયો ? અર્થ સહિત લખો.** **(૫)**

**ધારણા પ્રમાણે ચઉવ્વિહંપિ આહાર પચ્ચક્ખામિઃ-**

અસણં = અન્ન,

પાણં = પાણી,

ખાઈમં = મિઠાઈ,

સાઈમં = મુખવાસ,

અન્નત્થણાભોગેણં = ઇચ્છા કે ઉપયોગ વિના મુખમાં કોઈ વસ્તુ આવી જાય કે ખવાઈ જાય.

સહસાગારેણં = ધ્યાન ન રહે અને અચાનક કોઈ ચીજ મુખમાં આવીને પડે.

મહંત્તરાગોરેણં = વડીલ કે ગુરુની આજ્ઞાથી સમય પહેલાં આહાર કરે.

સવ્વ સમાહિવત્તિયાગારેણં = શરીરની સમાધિ રહે ત્યાં સુધી જો શરીરની અસમાધિ થાય કે રોગ આદિ ઉદ્ભવે તો આગાર.

વોસિરામિ = વોસિરાવું છું.

**(બ) ઉવભોગ - પરિભોગની વસ્તુના પ્રકાર કેટલા ? નીચેની વસ્તુને ક્યા પ્રકારમાં મુકશો ?** **(૪)**

૧. પાણિય વિહિં

૨. પેજ્જ વિહિં

૩. દંતણવિહિં

૪. આભરણ વિહિં

૫. વત્થ વિહિં

૬. સાગ વિહિં

૭. ઓદણ વિહિં

૮. સૂપ વિહિં

**(ક) નીચેનાસામયિકના દોષમાં કયો દોષ લાગશે ?** **(૨)**

૧. વચનો – કલહ દોષ    ૨. મનનો - લાભાર્થ દોષ

૩. કાયાનો - આલસ્ય દોષ    ૪. કાયાનો સાવદ્યક્રિયા દોષ

(૬)

૧. જીવ મરતા નથી, જીવ અવિનાશી છે. મારવાની દુષ્ટ ભાવના અને દુષ્ટ પ્રવૃત્તિથી જીવને મારનારને પાપ લાગે છે. માટે દરેક કાર્ય જતનાપૂર્વક (ઉપયોગથી) હિંસા ન થાય તે રીતે કરવા.

૨. ચાર પ્રકારની ૧. ખાતર પાડી ૨. ખિસ્સાં કાપવાં ૩. તાળા તોડવાં. (૪) કોઈની પડી ગયેલી વસ્તુ ઉઠાવીને પોતે લઈ લેવી.

**પ્રશ્ન ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો. સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો. (૫)**

૧. ખોટું - ભગવાની માત્ર શરીર નિર્વાહ માટે જ આહાર કરતા હતા.

૨. ખોટું - ભગવાનને રોગ થાય કે રોગ ન થાય તો પણ ઔષધની ઇચ્છા કરતા ન હતા.

૩. ખોટું – લાઢ દેશમાં અન્ય ધર્મના સાધુઓ હાથમાં લાકડી કે નાલિકા લઈને વિચરતાં હતા.

૪. સાચું

૫. ખોટું – ભિક્ષા લેવા જતાં ભગવાન કોઈ જીવો પર અપ્રીતિકે અભાવ લાવતા નહિં.

**પ્રશ્ન ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો (કોઈપણ પાંચ) (૧૦)**

૧. (૧) કયારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ.
(૨) ક્યારે હું એકલ વિહાર પ્રતિમાનો સ્વીકાર કરીશ.
(૩) ક્યારે હું જીવનના અંતે આહાર અને કષાયના ભાગરૂપ સંલેખનાની આરાધના કરી, આહાર-પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સંથારો કરી, મૃત્યુની ઇચ્છા કર્યા વિના વિચરીશ ?

૨. (૧) અહો ! મેં શારીરિક બળ, વીર્ય, પુરૂષાકાર પરાક્રમ અથવા ઉપદ્રવહિત સકુમાં આચાર્ય અને ઉપાધ્યાયનો સંયોગ મળવા છતાં તથા નિરોગી શરીર હોવા છતાં આચાર્ય અને ઉપાધ્યાયનો સંયોગ મળવા છતાં તથા નિરોગી શરીર હોવા છતાં પણ ઘણાં સૂત્રોનું અધિક અધ્યયન ક્યું નહિં.
(૨) અહો મેંઆ લોક સંબંધી વિષય ભોગોની તૃષ્ણાથી, પરલોકથી વિમુખ થઈને, દીર્ઘકાળ સુધી શ્રમણ ધર્મનું પાલન કર્યું. નહિં.
(૩) અહો ! લાંબા કાળ સુધી મેં ઋધ્ધિ, રસ અને શાતા ગોરવથી યુક્ત, થઈ, કામભોગોમાં ગૃધ્ધ થઈને વિશુધ્ધ ચારિત્રનું પાલન કર્યું નહિં,

૩. દીક્ષા લીધા પછી મહાવ્રતનું આરોપણ કરવું અથવા વડી દીક્ષા આપવી તે શૈક્ષભૂમિત.
(૧) ઉત્કૃષ્ટ ૬ મહિના (૨) મધ્યમ – ૪ મહિના (૩) જધન્ય – ૭ દિવસ, શૈક્ષનવ દીક્ષિતને વડીદીક્ષા (છેદોપસ્થાપનીય ચારિત્ર) ૭ દિવસે, ૪ મહિને કે ૬ મહિને આપવામાં આવે છે.

૪. (૧) હિંસા કરે (૨) જૂઠું બોલે (૩) તથા રૂપના શ્રમણ-માહણને (પૂર્ણ અહિંસક શ્રમણને) અપ્રાસુક, અનેષણીય,અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહારનું દાન આપે.

૫. (૧) મનુષ્ય ભવ (૨) આર્ય ક્ષેત્રમાં જન્મ (૩) શ્રેષ્ઠ (ુત્તરમ) કુળની પ્રાપ્તિ.

૬. ૩૦૦ પુરૂષો – (૧) શાંતિનાથ (૨) કુંથુનાથ (૩) અરનાથ.

**પ્રશ્ન ૪. શ્રી જ્ઞાતા ધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)**

૧. ભદ્રાએ પંથક દાસપુત્ર સાથે ભોજન મોકલાવ્યું. ભોજન તૈયાર કરી, વાંસની છાબડીમાં ભોજનનું પાત્ર મૂકી તેને બંધ કરી, તેના પર નિશાની કરી, સુંગધી પાણીનો ઘડો ભરીને મોકલાવ્યો.

૨. ધન્ય સાર્થવાર પાસે વિજયચોરે ભોજનમાંથી ભાગ માંગ્યો ત્યારે ધન્ય સાર્થવાદ બોલ્યા, '' હે વિજય ! ભલે આ વિપુલ ભોજન કાગડાં, કૂતરાને આપું, ઉકરડામાં ફેકું, પણ તું તો મારો પુત્ર ઘાતક, પુત્ર હણનાર શત્રુ, વેરી, પ્રતિકૂળ આચરણ કરનાર છે, માટે તને આ વિપુલ આહારમાંથી સંવિભાગ કરી નહિં આપું.''

૩. વિજયચોર નરકગતિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી અનંત દીર્ઘકાળ વાળા ચારગતિરૂપ સંસારવનમાં પરિભ્રમણ કરશે.
ધન્ય સાર્થવાહ કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થવા ત્યાંથી નીકળીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈને સિધ્ધિ પ્રાપ્ત કરશે.

૪. ધન્ય સાર્થવાહ રાજગૃહ નગરના વેપારીઓ, શ્રેષ્ઠીઓ, અને સાર્થવાહો વગેરેના ઘણા કાર્યોમાં કુટુંબોમાં અને મંત્રણાઓમાં માર્ગદર્શક હતા. પોતાના કુટુંબમાં પણ ઘણાં કાર્યોમાં ને ચક્ષુ સમાન માર્ગદર્શક હતા.

૫. **ખાલી જગ્યા પૂરો.** **(૨)**

૧. પ્રયોગ અને સ્વભાવ
૨. પ્રાસુક - એષણિક

**પ્રશ્ન ૫. અ) શ્રી ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૫)**

૧. '' હે કામદેવ ! જો તું તારા શ્રાવકવ્રતોનો ભંગ કરશે નહિં તો હું તને સૂંઢથી ઉપાડીને પૌષધશાળાની બહાર લઈ જઈશ અને આકાશમાં ઊંચેથી ફેંકી દઈશ. જ્યારે તું આકાશેથી નીચે પડીશ ત્યારે મારા તીક્ષ્ણ હાથી દાંત પર ઝીલી અને ભૂમિ પર પછાડી દઈશ. મારા ભારે પગ નીચે ત્રણ વાર કચડી નાંખીશ, જેથી તું આર્તધ્યાન કરતો અકાળે જ મૃત્યુ પામીશ''

૨. શ્રાવકની ૧ થી ૧૧ પ્રતિમાઓને ધારણ કરી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, અર્ધમાસક્ષમણ, માસ ક્ષમણ આદિ તપ દ્વારા આત્માને ભાવિત કર્યો.

૩. ૧) સાપરૂપ દેવ
૨) હાથીરૂપ દેવ
૩) દેવ
૪) પિશાચરૂપ દેવ
૫) પિશાચરૂપ દેવ
૬) દેવ

૪. સુધર્મ દેવલોકના અધિપતિ - સૌધર્મવતંસક વિમાનમાં ૮૪ હજાર સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ૪ લોકપાલો, ૮ અગ્રમહિષીઓ આદિ તથા અન્ય દેવદેવીઓ વચ્ચે પોતાના સિંહાસન પર બિરાજેલ હતા.

**બ) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો.** **(૫)**

૧. ભદ્દિલપુર નગરના ઇશાનખૂણામાં નગરની બહાર હતું. તે દર્શનીય અને મનોહર હતું.
૨. સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય રૂપ, યૌવન તેમ જ સુશીલતા આદિ ગુણોથી યુક્ત હતી.
૩. માતા-પિતાની આજ્ઞા લઈને ગૌતમકુમારની જેમ ભગવાન પાસે દીક્ષિત થયા.
૪. મજ્જનધાત્રી અને ૫- અંકધાત્રી
૫. શત્રુંજય પર્વત પર એક માસની સંલેખના દ્વારા સિધ્ધ - બુધ્ધ - મુક્ત થયા.

**પ્રશ્ન ૬. શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો.** **(૫)**

૧. આત્મશક્તિથી ચાલતા હતા. બોલવાળા વિચારોથી ગ્લાનિ થતી હતી.
૨. યોગ મળે તો યતના કરે, ન મળે તો ઉદ્યમ કરે.
૩. મહાદુષ્કર ક્રિયા અને મહાનિર્જરા કરવાવાળા હતા.

૪. વિપુલગિરિ પર્વત પર સંલેખના - સ્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા.
૫. ભદ્રામાતાએ જિતશત્રુરાજા પાસે છત્ર અને ચામરની માગણી કરી.

**પ્રશ્ન ૭. દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

**૧.** (૧) અંડયા - ઇંડામાંથી ઉત્પન્ન થનારા.
(**૨**) પોયયા - પોતે જ ( જન્મતાની સાથે ચામડીથી વીંટળાયેલા કોથળી સહિત ઉત્પન્ન થનારા.
(૩) જરાઉયા – જરાયુ સહિત જન્મનારા.
(૪) રસયા – રસમાં ઉત્પન્ન થનારા - બેઈન્દ્રિય આદિ.
(૫) સંસઈમાં - પરસેવામાં ઉત્પન્ન થનારા.
(૬) સમુચ્છિમાં - સંમૂર્ચ્છિમ (દેવ, નારક સિવાયનાં) માતા-પિતાના સંયોગ વિના ઉત્પન્ન થનારા જીવો.
(૭) ઉબ્ભિયા – જમીન ફોડીને ઉત્પન્ન થનારા.
(૮) ઉવવાઈયા – ઉપપાત જન્મવાળા દેવ અને નારકી.

**૨. નીચેના શબ્દોના મૂળપાઠ લખો.** (૩)

૧. અઈવાયતે
૨. ન પવીલિજ્જા
૩. કટ્ટેણ
૪. ઉંડગંસિવા
૫. ઉજ્જાલંતં વા
૬. વીઅંતં વા

**૩. પાઠપૂર્તિ કરો.**

**૧.** અહાવરે પંચમે ભંતે મહવાએ..... પરિગ્ગહાઓ વેરમણં ।।૧૨।।
(પાઠાવલી - પુસ્તક -૫ -૧૮મી શ્રેણી પેજ નંબર ૧૫૮)
**૨.** ઉદગં વા, ઓસં વા, હિમં વા, મહિયં વા, કરગં વા, હરિતાણં વા, સુદ્ધોદગં વા, ઉદઉલ્લે વા કાયે,

ઉદઉલ્લં વા વત્થં, સસિણિદ્ધં વા કાયં, સસિણિદ્ધં વા વત્થં.

**પ્રશ્ન ૮. શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. તિર્યચયોનિમાં વનસપ્તિકાયિક જીવો અનંત છે. તે સર્વ તે સ્થાનમાંથી કદાપિ નીકળતા નથી માટે.
૨. દેવમાં સર્વથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો તથી શૂન્યકાળ અનંત ગુણો છે.
૩. ઇહભવિક - આ ભવમાં જ રહેનારું, પરભવિક - બીજા ભવમાં સાથે જાય તેવું, તદુભયભવિક - ભવાન્તરમાં ત્રીજા – ચોથા ભવોમાં સાથે જાય તેવું. જ્ઞાન અને દર્શન - ઈહભવિક, પરભાવિક અને તદુભય ભવિક છે. ચારિત્ર, તપ અને સંયમ - ઈહ ભવિક જ છે પરાભવિક કે તદુભય ભવિક નથી.
**૪.** પાના નં. ૧૬૫
૫. સંસાર સંસ્થાન કાળ - શતક -૧, ઉદ્દેશો -૨,
ઇહભવિક પરભવિક - શતક -૧, ઉદ્દેશો -૧
૬. અનંતગુણો.

**પ્રશ્ન ૯. પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

**અ) નીચેના બોલમાંથી ઉત્કૃષ્ટ કેટલા જીવ સિધ્ધ થાય છે ?** **(૪)**

૧. ૧૦૮ ૨. ૪ ૩. ૧૦ ૪. ૧ ૫.૦ ૬. ૦ ૭. ૧૦ ૮.૨૦

**બ) ખાલી જગ્યા પૂરો.** **(૨)**

૧. ૬૧, ૭૨

૨. સંખ્યાતગુણા

૩. એક

**ક)** **(૪)**

૧. ઈન્દ્રિય ઉપયોગવાળા ૩૨ ઢગલા, નોઈન્દ્રિય ઉપયોગવાળાના ૨૨૪ ઢગલા સર્વથી થોડા ઇન્દ્રિય ઉપયોગવાળા (૩૨), તેથી નો ઇન્દ્રિય ઉપયોગવાળાનો ૨૨૪ ઢગલા.

૨. ઇન્દ્રિય ઉપયોગવાળા સંખ્યાતગણા, તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા તેથી આકાર ઉપયોગવાળા સંખ્યાતગણા નોઈન્દ્રિય ઉપયોગ વાળા વિશેષાધિક.

**૩.** પન્નવણા સૂત્ર - ૩

**પ્રશ્ન ૧૦.** **(૫)**

૧. અક્રિયાવાદી મતને, કેશીકુમાર શ્રમણ.

૨. કર્મનો સિદ્ધાંત – જેવી કરણી તેવી ભરણી – જેવા કર્મ કરો તેવા ફળ મળે.

૩. પરદેસી રાજા પ્રયોગ દ્વારા વસ્તુ તત્ત્વના શોધક હતા.

૧૦ – ૧૦ શ્રમણ ધર્મ, ૧૦ ચિત્ત સમાધિના સ્થાનો આદિ.

૧૪ – જીવોનો સમૂહ, ૧૪ ગુણ સ્થાનક (જીવ સ્થાનક) આદિ.

૩૨ – ૩૨ પ્રશસ્ત યોગ.

૩૫ – તીર્થંકરના વચન અતિશય ૩૫.

**--- જય જિનેન્દ્ર ---**